હવે આપણે સતપંથી દસ અવતાર ઉપર પડેલો "હિંદુ પડદો" ઉપાડીને વાસ્તવિક હકીકત જોઈએ...

69

પડદો હટાવીએ ...

- પહેલો અવતાર, મછ અવતાર, એટલે માછલીના વંશમાં માણસ જન્મે અને તેમાં કચ્છ એટલે કાચબો અને પાછા માણસો જન્મે. તેના પછી વરાહ એટલે સુવર અને તેના વંશમાં માણસો અને ત્યાર પછી નર+સિંહ.
- હિંદુ ધર્મમાં, આપણે સૌ જાણીએ છીએ કે નરસિંહ અવતારમાં નરસિંહ ભગવાનના કોઈ માતા કે પિતા નહોતા. જ્યારે પ્રહલાદને તેમના પિતાએ ધખધખતા લોખંડના થાંભલાને ગળે લગાડવાનું કહ્યું ત્યારે લોખંડના થાંભલો ફાડીને ભગવાને નરસિંહ અવતાર લીધો. ભગવાન જન્મયા નહોતા તેઓ પ્રગટ થયા હતા.
- હિંદુ શાસ્ત્રોમાં ભગવાન નરસિંહના માતા પિતાનો ક્યાંય ઉલ્લેખ નથી.

70

... પડદો હટાવીએ ...

- ત્યાર પછી, સતપંથી દસ અવતારમાં, નર+સિંહના વંશમાં પાછા માણસો જન્મયા.
- ભગવાન પરશુરામએ ક્યારેય લગ્ન નહોતા કર્યા. આ વાત તો પ્રખ્યાત છે. તેઓ અખંડ બ્રહ્મચારી હતા. પણ સતપંથી દસ અવતારમાં તેઓના લગ્ન થયા હતા અને તેમના વંશજો પણ હતા.
- હિંદુઓ પ્રમાણે પરશુરામ વિષ્ણુનો, અંશ અવતાર હતા અને તેમનો અવતાર, રામ અવતારના સમય કાળમાંજ થયો હતો. પણ સતપંથીઓ પ્રમાણે પરશુરામ અવતારના વંશમાં ૭મી પેઢીએ રામ જન્મયા છે.
- હિંદુઓ માટે આ વાર્તા પૂરે પૂરી ખોટી છે અને ચોખ્ખી બનાવટી છે.
- ત્યાર પછીનો અવતાર ભગવાન રામનો છે.
- આપણે જાણીએ છીએ કે ભગવાન પરશુરામ તો એક બ્રાહ્મણ હતા, તો તેમના વંશમાં ભગવાન રામ જે સૂર્યવંશી હતા, તે કેમ જન્મયા?!

71

... પડદો હટાવીએ ...

- આગળ વધીએ..., સતપંથી દસ અવતાર કહે છે કે રામે રાવણને મારીને રાજા હરીશચંદ્રને તાર્યા.
- રાજા રામ અને રાજા હરીશચંદ્રની વાર્તાઓ આપણે સહુએ સાંભળેલી છે. બન્ને વાર્તાઓ વચ્ચે કોઈ સંબંધ નથી. તો પછી સતપંથી દસ અવતારમાં સંબંધ ક્યાંથી પેદા કરી દીધો.
- ત્યાર પછી વાત આવે છે, ભગવાન રામના વંશમાં ભગવાન કૃષ્ણનો અવતાર.
- હિંદુ પુરાણો પ્રમાણે, ભગવાન કૃષ્ણ ચંદ્રવંશી હતા અને ભગવાન રામ સુર્યવંશી. આનો અર્થ બન્ને એક વંશના નહોતા. પણ સતપંથ દસ અવતારમાં બન્નેને એકજ વંશમાં જન્માવ્યા છે.
- સતપંથી ધર્મ પ્રચારકોએ પાછી ઘોર ભૂલ કરી.

72

... પડદો હટાવીએ ...

- વંશ આગળ વધારતા એ કહે છે કે ભગવાન કૃષ્ણના વંશમાં પદ્દુમાન, પછી સેસ્થાન અને બેલસ્થાન વગેરે થયા.
- પણ પદ્દુમાનના દીકરા અનિરુદ્ધ તો ભૂલાઈ ગયા. અહીં પણ પાછી મોટી ભૂલ કરી નાખી.
- કૃષ્ણના ૮ માં વંશમાં બુદ્ધ અવતાર જન્માવી દીધા. પણ આપણે સહુ જાણીએ છીએ કે કૃષ્ણ અને બુદ્ધ વચે ૨૫૦૦ વર્ષોનું અંતર છે. સાધારણ રીતે ૮ પેઢી ૨૦૦ થી ૩૦૦ વર્ષોમાં થઇ જાય. પણ અહીં અંતર ૨૫૦૦ વર્ષનું છે. આ પણ સાબિત કરે છે કે સતપંથ ધર્મનો બુદ્ધ અવતાર એ સાચો બુદ્ધ અવતાર નથી, માત્ર ગપગોલું છે.
- સતપંથી દસ અવતાર કહે છે કે ભગવાન બુદ્ધએ દૂર્યોધનને માર્યો. થોડી વાર આ વાતને સાચી માની લઈએ તો પણ કૃષ્ણના ૮ મી પેઢીમાં દૂર્યોધનને માર્યો? જ્યારે આપણને ખબર છે કે દૂર્યોધન કૃષ્ણના સમયમાંજ પાંડવોએ માર્યો હતો.

73

... પડદો હટાવીએ

- સતપંથી દસ અવતાર એમ કહે છે કે ભગવાન બુદ્ધે પાંડવોને ગાય મારીને "ગૌ મેધ યજ્ઞ" કરવાનું કહ્યું.
- આખી દુનિયા જાણે છે કે "અહિંસા પરમોધર્મ"નું સુત્ર આપવા વાળા ભગવાન બુદ્ધ હતા. તો પછી ભગવાન બુદ્ધ કોઈ જાનવરને મારવાની સલાહ કેવી રીતે આપી શકે અને તે પણ પૂજ્ય ગાયને મારવાની સલાહ?
- પાંડવો અને ભગવાન બુદ્ધના વાર્તાલાપની વાર્તા, જેના પર સતપંથ ધર્મ ઉભો થયો છે, તેનો હિંદુ શાસ્ત્રોમાં ક્યાય ઉલ્લેખ નથી. ભગવાન બુધનો અવતાર હિંદુઓ પ્રમાણે કળીયુગમાં થયો છે, પણ સતપંથીએ તેમને દ્વાપરયુગમાં જન્માવી દીધા છે. (કળીયુગમાં એકજ અવતાર બતાવ્યો છે)
- આગળ વધતાં, ભગવાન બુદ્ધના વંશને મુસલમાનો સાથે જોડી દેવામાં આવ્યો.
- વિષ્ણુનો કહેવાતો દસમો અવતાર, અલી, ને ભગવાન બુદ્ધના વંશમાં જોડી દીધો. હિંદુઓ માટે કેટલું.... આઘાતજનક?

74

ભગવાને ૧૦માં થી ૯ અવતાર હિંદુઓમાં, ભારતમાં લીધા, તો પછી, સતપંથીઓ પ્રમાણે, ૧૦મો અવતાર, શા માટે મુસલમાનોમાં, ઈરાન દેશમાં લીધો?!

75

મુસલમાનોમાં ૧૦મો અવતાર શા માટે? ...

- પહેલા ૯ અવતાર ભારતમાં હિંદુઓ વચ્ચે લીધા પછી, ભગવાનને ૧૦મો અવતાર શા માટે મુસલમાનોમાં ઈરાનમાં લેવો પડ્યો? આવો સવાલ હિંદુઓ કરશેજ, એવી અપેક્ષા સતપંથના સ્થાપકોને હતીજ.
- આના માટે એક બિનબુનિયાદી, ઉપજાવી કાઢેલી અને ખોટી વાર્તા તૈયાર કરી, જે નીચે પ્રમાણે છે.
- મહાભારતનું યુદ્ધ, જેમાં ભગવાન કૃષ્ણએ ગીતાનો ઉપદેશ આપ્યો હતો અને કૃષ્ણ ભગવાનની સલાહ પ્રમાણે પાંડવોએ તેમના કૌરવ ભાઈઓનો વધ કર્યો.

76

... મુસલમાનોમાં ૧૦મો અવતાર શા માટે?

- પણ બ્રાહ્મણો આ વાતને સમજી ન શક્યા અને પાંડવોને પાપના ભાગીદાર ઠરાવ્યા. એટલે પાપથી મુક્તિ મેળવવા માટે "રાજસુય યજ્ઞ" કરવાની વાત કરી. (આ બધું પીર સદરૂદ્દીનની ગોઠવેલી વાતો છે.)
- જ્યારે ભગવાન કૃષ્ણને પાંડવો દ્વારા રાજસુય યજ્ઞ કરવાની વાતની જાણ થઇ ત્યારે, તેઓ ખુબ નારાજ થયા. ગીતાનો બોધ આપ્યા પછી પણ મને ભૂલી જાય છે... અને બ્રાહ્મણોની વાતોને સાચી માને છે, એવું સમજીને ક્રોધિત થયા.
- **એટલે ભગવાને જાહેર કર્યું કે ભલે હું ૧૦મો અવતાર હિંદુઓમાં લેવાનો હતો, પણ હવે પછી હું ૧૦મો અવતાર મુસલમાનોમાં હઝરત અલીના નામે અરબ ખંડમાં લઈશ.**
- આ બધીજ વાતો પીર સદરૂદ્દીનના દિમાગની ઊપજ છે, તેનો હિંદુ શાસ્ત્રોમાં ક્યાય ઉલ્લેખ નથી.
- આ જગ્યાએ એક બીજી વાત જણાવવી જરૂરી છે કે, બ્રાહ્મણો ગીતાનો બોધ ન સમજી શક્યા અને પાંડવોના હાથે રાજસુય યજ્ઞ કરાવ્યો એટલે બ્રાહ્મણોને સાચા વેદોનું જ્ઞાન નથી, એવો એક નવો સિદ્ધાંત ઉપજાવી કાઢ્યો. **આ સિદ્ધાંતના કારણે, બ્રાહ્મણોને અજ્ઞાની ઠરાવી, સતપંથીઓ તેમની પૂજા અને કર્મકાંડ બ્રાહ્મણોના હાથે નથી કરાવતા.**

77

સતપંથ ધર્મને એક "સનાતન" ધર્મ તરીકે રજુ કરવાનો પ્રપંચ

78

"સનાતન" કડી મેળવવાનો પ્રયત્ન

સતપંથ ધર્મ સનાતન કાળથી અસ્તિત્વમાં છે, એવી વાત મનાવવા એક નવો પ્રપંચ (હિંદુઓની નજરે) તૈયાર કરવામાં આવ્યો. જે નીચે પ્રમાણે છે;

- ધરતીનો પહેલો મનુષ્ય, બાબા આદમનો વંશ વેલાને, તેમના કહેવાતા પુત્રો સિસ્સામ, શ્લોકન વગેરે, થી લઈને મુર્તઝા અલી અને ઈમામ શાહને જોડવામાં આવ્યો છે. હિંદુ ધર્મમાં આ વાતને ટેકો આપતું કોઈ સાહિત્ય નથી.
- આવી રીતે સતપંથ ધર્મને સનાતન ધર્મ સાથે જોડવાની કોશિશ કરવામાં આવી છે.
- ત્યાર પછી, વિષ્ણુનો નિરાકાર અવતારને ઈમામ શાહના પુત્ર નર મોહમ્મદ શાહ સાથે જોડવામાં આવ્યો.
- આ વાતની પાછળનું હેતુ એટલુંજ છે કે અજાણ હિંદુઓને બેવકૂફ બનાવીને સતપંથ ધર્મ હિંદુ ધર્મ છે તેવું તેમના મનમાં ઠસાવી, તેમને સતપંથ ધર્મ પાળતા કરી દેવા અને ધીરે ધીરે મુસલમાન ધર્મમાં પરિવર્તિત કરી દેવા.

79

1.10 સતપંથના સાહિત્ય

સતપંથ સાહિત્ય પર ઉડતી નજર

80


કોઈ પણ ધર્મનો અભ્યાસ, તેનાં સાહિત્યોના અભ્યાસ કરવા વિના અધુરો છે.


ધર્મ કેવી રીતે ચાલે છે? તેનું પાલન કઈ રીતે થાય છે? તેનો મર્મ શું છે? આવા સવાલોના જવાબ, ધર્મના સાહિત્યો પરથી મળી આવે છે.

81

<u>મહોર નબુવત:</u>

અલીની મહોર





<u>બરાખ:</u>

અમરાપુરી (સતપંથી સ્વર્ગ) લઈ જવા માટેનું વાહન

<u>દુલ દુલ ઘોડો:</u>

અલી, નિષ્કલંકી અવતારમાં, આ ઘોડા પર બેસીને કલિંગા દૈત્ય સામે લડશે.





ઝુલફીકાર:

અલીની બેધારી તલવાર

સાહિત્ય

- સતપંથ સાહિત્ય મુખ્ય બે પ્રકારમાં જોવા મળશે;
  1. ગીનાન
  2. દુઆ / કલમા

83

1.10.1 ગીનાન સાહિત્ય

ગીનાન સાહિત્ય પર ઉડતી નજર

84

ગીનાન સાહિત્ય ...

- સતપંથીઓ માટે, ધાર્મિક ગીનાન પરંપરા, મુસલમાનોની કુરાન અને હિંદુઓના વેદો જેટલી, સત્તા અને માર્ગદર્શન આપતી ગણાય છે.
- ગીનાન સાહિત્ય કાવ્ય રૂપમાં છે, જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ આવરેલા છે;

1) નૈતિક ભલામણ.
2) ચમત્કારિક વાર્તાઓ (જેના કારણે લોકોની પીર અને ઈમામ પર શ્રદ્ધા બેસે).
3) દંત કથાઓ તેમજ ભાવવિભોર અને તલ્લીન કવિતાઓ.
4) હિંદુઓની ધાર્મિક લાગણી દુભાય તેવી રીતે હિંદુ ધર્મના મૂલ્યો, જેમ કે ભગવાનના અવતારો, મૂર્તિ પૂજા, યાત્રા સ્થળો વગેરે, ને ભ્રષ્ટ કરી, ઇસ્લામી મૂલ્યોને ઉચ્ચ ગણવા.
5) નિષ્કલંકી નારાયણ અને નકલંકી અવતારના નામે કહેવાતા અલીની પ્રશંસા.
6) ઈમામ અને પીરની પ્રશંસા.

85

... ગીનાન સાહિત્ય

7) ગીનાન, પીર અને ઈમામ પર કોઈ જાતની શંકા ન રાખવાની ભલામણ.
8) પીર અને ઈમામે આપેલ બોધ પર અંધ-વિશ્વાસ રાખીને માનવાની ભલામણ.
9) મોક્ષ મેળવવા માટે એક મોમીને (અનુયાયીઓ) શું કરવું જોઈએ.
10) પોતાની કમાઈમાંથી દસમો ભાગ, એટલે દસોન્દ, અને બીજા ધાર્મિક કર, ઈમાનદારીથી ચૂકવવાની વાત.
11) દસોન્દ ન દેવાના કારણે ભયંકર દુષ્પરિણામ ભોગવવાની ચેતવણી આપેલ છે.
12) જો અનુયાયીઓ તેમના મનમાં કોઈ પણ જાતની શંકા રાખશે તો મરણ પછી અમરાપુરી ભોગવવા નહિ મળે તેવો ડર અને ચેતવણી પણ આપેલી છે.
13) ગીનાનમાં કુરાનનો નિચોડ પણ શામેલ છે.

86

ગીનાન –ધર્મ સાથે બાંધી રાખતું પરિબળ ...

- દરેક મુરીદ / મોમીનની ફરજમાં ગીનાનનું પાલન કરવાનું આવે છે. આ મહત્વને નીચે જણાવેલ ભાવનાત્મક પરિબળોની મદદથી બાંધવામાં આવેલ છે.

1. ફરમાનનું પાલન કરવાનું, પહેલી ફરજમાં આવે છે. તેના કારણે દરેક મુરીદ સુધી ગીનાન પહોંચવા જોઈએ.

   - પહેલે પાળો તે સતગુરુની વાચા -

2. ગીનાન એ અખંડ જ્યોત (એટલે નૂર) થી ભરપૂર છે. આ અખંડ જ્યોતના અભાવે જમાત (સતપંથ પાળનારા લોકોનો સમુદાય) નહિ ટકે.

   - ગીનાન બોલો રે નીત નૂરે ભર્યા -

87

... ગીનાન –ધર્મ સાથે બાંધી રાખતું પરિબળ ...

3. ગીનાનમાં, અખંડ જ્યોત માંથી નીકળેલા શબ્દો છે, માટે તેને વાંચજો

   - જીરે વીરા સતપંથ સતે જીલીયે -

4. ગીનાન વાંચવું જરૂરી છે. જે ફરમાન નહિ પાળે, તે અમરાપુરી નહિ જઈ શકે.

   એજી ફરમાન અમારો જે ન માનશે,

   વલી નહિ માનશે વાત;

   તે તથામ કિયાં નહિ પામશે,

   નહિ મળશે ગુર-નરને સાથ

88

... ગીનાન -ધર્મ સાથે બાંધી રાખતું પરિબળ ...

5. ગીનાન અને ફરમાનના જ્ઞાન જરૂર વાંચજો. પીર અને ઈમામ એકજ છે.
6. ફરમાનનું આજ્ઞાપાલન કરવાથીજ મુક્તિ મળે છે.

<u>મોમીન ચેતામણી કહે છે;</u>

એજી લાખ ચોરાશી તો છૂટીએ,
જો રહીએ આપણા સતગુરૂ કે ફરમાન માહે,
દસોન્દ દીજે સતગુર મુખે,
તો વસો હોવે અમરાપુરી માંહે.

7. કોઈ પણ જાતની "**શંકા**" કરવાની છૂટ નથી.

89

1.10.2 દુઆ અને કલમા

સતપંથની ધાર્મિક ક્રિયા (પૂજા) વખતે પઢવામાં આવતી...
દુઆ અને કલમાઓ...
પર એક આછી ઝલક

90

દુઆ અને કલમા ...

આ જગ્યાએ આપણને એક વાત મગજમાં રાખવી જરૂરી છે કે હઝરત અલી, જે ઇસ્લામના સ્થાપક મોહમ્મદ પેગંબરના જમાઈ છે, તેને સતપંથીઓ તેમના દેવ તરીકે માને છે. અને તેને "વિષ્ણુનો ૧૦મો અવતાર" અને "નિષ્કલંકી નારાયણ" કે ક્યારેક ફક્ત "નારાયણ" તરીકે પણ સંબોધવામાં આવે છે.

- "દુઆ" શબ્દ અરબી ભાષાનો એક શબ્દ છે.
- સતપંથી પૂજા અને અન્ય ધાર્મિક ક્રિયાઓમાં દુઆ અને કલમાઓ બોલવામાં / પઢવામાં આવે છે.
- સતપંથની પૂજા બ્રાહ્મણોના હાથે નથી કરવામાં આવતી. મુખી (જમાતખાના / ખાના ના પુજારી) કે સૈય્યદના હાથે કરવામાં આવે છે.
- સૈય્યદોને તેમના આધ્યાત્મિક ગુરુ માને છે અને ધાર્મિક બાબતોમાં સર્વોચ ગણે છે.
- મનુષ્યના જન્મથી લઈને, ધર્મ અંગીકારથી લઇ, મરણ અને મરણ પછી દાટવાની ક્રિયા સુધીના દરેક નાના મોટા પ્રસંગ માટે અલગ અલગ દુઆઓ છે.

91

... દુઆ અને કલમા ...

- દરેક નાના મોટા પ્રસંગ માટે અલગ-અલગ દુઆઓ છે, જેમ કે;

1) ક્રિયાથી પહેલાં "દેવ સ્થાપન મંડાન"
2) મુખીની તોબાં
3) કળશને ધૂપ અને લોબાન લગાડવાની દુઆ
4) બ્રહ્મા / વિષ્ણુ / મહેશ / શક્તિ વગેરેને થાળ જમાડવાની દુઆ
5) મુખીને પાવળ પીધાની દુઆ (પવાળ પીવડાવતી વખતે મુખીએ બોલવાની દુઆ)
6) શુક્રવારી બીજનો ચંદ્ર જોવાની દુઆ
7) નાદે અલીની દુઆ
8) મુડદાને દાટવા પહેલાં અને પછીની દુઆ
9) પાંચ કલમા
10) મહોર નબુવત (અલીની મહોર)ની દુઆ
11) અલીની અરજી વગેરે... વગેરે...

92

... દુઆ અને કલમા ...

- દરેક ધાર્મિક પૂજા, ક્રિયાઓ અને અન્ય પ્રસંગોનો આરંભ કરતા પહેલાં, એક પાયાનો અને અતિ મહત્વનો "શ્લોક" (દુઆ) બોલવામાં આવે છે. અને એ શ્લોક છે...

  "ફરમાનજી બીસ્મીલ્લા હરરહેમાન નરરહીમ

  સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહા આદ

  વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહા તમારી દુઆ"

93

... દુઆ અને કલમા ...

- અને દરેક દુઆ આનાથી પૂરી થાય;

  "સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા


  હક લાએલાહા ઇલ્લલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે"

94

... દુઆ અને કલમા

- સન ૧૯૮૨માં, તે વખતના પીરાણાના કાકા, સવજી રામજી એ "ભાંખેલી પૂજા વિધિ" નામની ચોપડી બહાર પાડી હતી.
- સતપંથીઓની મુખ્ય સંસ્થા, "ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન કમીટી ટ્રસ્ટ"ના ચેરમેન પદે હમેશા કાકાજ હોય છે. આ સંસ્થા ઇમામ શાહ દરગાહની દેખ રેખ કરે છે. આ સંસ્થાના કાકાએ આ ચોપડી બહાર પાડેલી છે.
- દુઆઓ અને કલમાઓનું આ પુસ્તકમાં બહુ સારૂ સંકલન છે.
- હવે પછીની સ્લાઇડમાં, તે પુસ્તકનાં અમુક પાનાં અને તેની અંદરની વિષય વસ્તુઓ પર નજર કરીશું.


95



ભાંખેલી પૂજા વિધિ તથા જ્ઞાન

પ્રકાશક: કાકા સવજી રામજી,
ઈમામશાહ બાવા રોજા - પીરાણા

96



[૧૫]

(૧૧) દોવા કળસને ધુપ લોબાનની છે.


ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદ વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહા તમારી દોવા.

આહે દરૂદ જાહેર દરૂદ, દરૂદ નબી ઉપર, અલ્લાહો ફાતીઆ. અગર જલે. પીડા ટલે. સાહેબ જાગે, સેતાન ભાગે. ધુપ તાંહા રૂપ. દેવ તાંહાં પુજા. અલખ નિરંજન નિરાકાર, અવર દેવ નહીં દુજા. સતગોર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હકલા એલાહા ઇલ્લલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે.

કળશને ધૂપ લોબાન લગાડવાની દુઆ

નબી (મોહમ્મદ પેગંબર) અને અલ્લાહ માટે પ્રાર્થના

97



[૧૧૬]

મુડદાંને દાટયા પછી બોલવાની દોવા.

(આ દોવા કબરને ફુલ લોબાન ચડાવ્યા પછી) પાસે ઉભા રહીને બોલવી.)

ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહેમા નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદ વિષ્નુ નિરંજન નરઅલી મહંમદશાહા.

શ્રી નકલંકી નારાયણ સતપંથી જીવનો ફરમાન ફાતીઓ મોક્ષની આશીશ, દુવા દાન, ફુલ લોબાન, આપની પવિત્ર મેહેરે, સતપંથના સરદાર કલજુગના દાતાર. પહોંચડાવો, જીવને દુખમાંથી છોડાવો. સુખ સોહેલાં કરો, દુઃખ દોહેલાં દુર કરો. શ્રી નકલંકી મુરતજાઅલી શ્રી નબીનુર સતગોર આશિશ કબુલ કરો. સતગોર પાત્ર ઇન્દ્ર ઇમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઇલ્લલ્લાહો મહમ્મદુર રસુલીલ્લાહે.

મુડદાંને દાટયા પછી નાવાની દોવા.


ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહા આદ નારાયણ શ્રી નકલંકી, નરઅલી મહંમદશાહા.

મુડદાને દાટયા પછી બોલવાની દુઆ

નીચે જણાવેલ દેવો માટે પ્રાર્થના છે;

1) શ્રી નિષ્કલંકી મુરતજા અલી, અને
2) નબી-નૂર સતગોર (એટલે મોહમ્મદ પેગંબર)

98



[૧૦૦]

www.realpatidar.com mail@realpatidar.com

(૫૮) દોવા રૂખેસરને મોડે છાંટ નાંખ્યાની છે

ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહા આદ વિશ્નુ નિરંજન નરઅલી મહંમદશાહા નબીનુર સતગોર તમારી દોવા.


અથરવેદી કાયમ પાયા, પીર શાહા નુરી અમર કાયા. અવલ આખર દેદાર આપો, ઈમાન સલામત રાખો. સત સલામત સબુરી આપો, કરોડ કરોડ ગુના કાપો. બોલે તે છુટે, ડરે તે તરે. નુર નકલંકી પીર શાહનું નુર જે રૂખેસર પીએ, તે જીવ બાર કરોડીની સોબતે મળે. સતગોર ઈંદ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઈલ્લિલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે.

રૂખેસર (વફાદાર મુરીદ) ને મોઢે છાંટ નાખવાની દુઆ

નોંધ:

- અથર વેદી... પીર શાહ
- નૂર (અખંડ જ્યોત)
- ડરે તે તરે
- બાર કરોડીની સોબત મળે

99




[૧૦૦]

www.realpatidar.com mail@realpatidar.com

(૫૯) દોવા મુખીને પાવળ પીધાની છે.

ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહા આદ વિશ્નુ નિરંજન નરઅલી મહંમદશાહા નબીનુર સતગોર તમારી દોવા.

તમે દેવ નિરંજન નિરાકાર, નકલંકી નારાયણ દસમા અવતાર. ઈશ્વર જુગોજુગના બ્રહ્માજી, પુરૂષ



www.realpatidar.com mail@realpatidar.com

[૧૦૧]

પાવળની છાંટેથી સપ્ત પાતાળ ને એકવીસ બ્રહ્માંડનાં બંધ બાંધ્યા તે નુર પાવળે બંધ બાંધ્યા. બ્રહ્મા વિશ્નુ મહેશ્વર કળસ માંહે કળા ધરી બેઠા. તે નુર છાંટના બાંધ્યા. હરી આલના હંસરાજા, પરી દેવના ટોળ, ૐકાર આલે બાદશાહ, પાતાળે દેવતાએ જમીન આકાશ, પવન પાણી ગુપતી પ્રકૃતી કુળ માંહે ગોત્ર માંહે, આણી વેળાએ જે કોઈ નુરની વાસના કરે, તે જીવની આસના પુરો. આદ બ્રહ્માએ ઘટ થાપીઓ ચોદશે નાખી ફેરાઇ, અનંતરૂપે ચરિત્ર કીધાં કરતા સુરત સોહી. સતગોર ઈન્દ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હક લાએલાહા ઈલ્લિલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે.

પાવળ પીવાની દુઆ

નોંધ:

1. જુવો કેવી રીતે હિંદુ દેવો જેવા કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના નામોને નિષ્કલંકી નારાયણ સાથે જોડીને વાપર્યા છે.
2. પાવળને નૂર સાથે જોડ્યું છે.

100

[૧૮૪]

અલીની અરજી

ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહમાન નરરહીમ.

યા શાહઅલી (૧) શેર અલી (૨) શાહદાન અલી (૩) મરદાનઅલી (૪) પંજા અલી (૫) આખર અલી (૬) અવ્વલ અલી (૭) આગે અલી (૮) આધારે અલી (૯) ઓધારે અલી (૧૦) અનાયાસે આવે અલી (૧૧) આચારે અલી (૧૨) ઓછી નજરે ભાગે અલી (૧૩) (૪) આભારે અલી (૧૫) અજીમ અલી (૧૬) અજર ટલે ત્યાં આવે અલી (૧૭) અઢારે અલીકા વાસ (૧૮) અઢારે વર્ણમાં વાંપિક અલી (૧૯) કોઈ ના જાણે અલીકી ગલી (૨૦) આણુ ચલે ત્યાં આવે અલી (૨૧) આતન અલી (૨૨) અર્થે અલી (૨૩) આપે અલી (૨૪) સાફી અલી (૨૫) અક્ષર અલી (૨૬) અમ્મર અલી (૨૭) આહારે અલી (૨૮) આલે અલી (૨૯) આવે અલી (૩૦) અહેશાને આવે અલી (૩૧) હયાએ અલી (૩૨) અસીવે અલી (૩૩) વર્સીલેથી જાએ અલી (૩૪) ઉમ્મેદે અલી (૩૫) ઉજમે અલી (૩૬) કેવળ જ્ઞાન કથે સો અલી (૩૭) ખેવટ અલી (૩૮) ખબરદાર અલી (૩૯) ખભા ઠોકીને તારે અલી (૪૦) ક્ષમા કરે ત્યાં આવે અલી (૪૧) બડાઈથી નાસે અલી (૪૨) એક તો મેં અલી (૪૩) પરવસે અલી (૪૪) ક્રિયાએ અલી (૪૫) કરાણીએ અલી (૪૬) હસ ગીએથી ખશે અલી

અલીની અરજી

ખાસ નોંધ:

કોઈ ના જાણે અલી કી ગલી

101

[૮]

(૩) દોવા મુખીને તોબાં પડવાની છે.

ૐ ફરમાનજી બીસમીલ્લા હરરહેમાન નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામશાહા આદ વિશ્નુ નિરંજન નરઅલી, મહંમદશાહા તમારી દોવા.

સાહેબ તોબા હજારવાર. આ બંદા ગુનેગાર, બકસો ગુના લાખ અવલ આખર શાહા મુરતુજાઅલી પાક. અવ્વલશાહા અલી આખર ઈમામ મહંદી. જાંબુદ્વીપના ધણી વીસનુ નારાયણ, વસમના આધાર સેસ્રીના સરજનહારા જાંબુદ્વીપે ધર્યો અવતાર, રહેણી કીજે ખેર, દીવસ કીજે મહેર. નેકનજર ધરો બંદાની મુશ્કેલ આસાન કરો. સતગોર ઈમામશાહા નરઅલી મહંમદશાહા હકેલા એલાહા ઈલ્લલ્લાહો મહંમદુર રસુલિલ્લાહે.

મુખીની તોબાં

નોંધ:

1) છેલો અવતાર – શાહ મુર્તઝા અલી
2) છેલો ઈમામ – ઈમામ મહદી
3) અલીને જાંબુદ્વીપના (ભારત ઉપખંડના) ધણી અને વિષ્ણુ, નારાયણ તરીકે સંબોધન કરવામાં આવ્યું છે.

102

સારાંશ –ચરણ ૧ ...

1) સતપંથનું મૂળ:

- સતપંથ, શિયા મુસ્લિમ શાખાનો, નિઝારી ઈસ્માઈલી પેટા શાખાનો, એક પંથ છે.

2) ઈમામ શાહની ભૂમિકા:

- ઈમામ શાહનો ભારત આવવા પાછળનો મકસદ ઇસ્લામનો ફેલાવો કરવાનો હતો અને તેમાં તેમને સારી સફળતા પણ મળી.

3) પ્રોપગંડા / પ્રચાર પદ્ધતિ:

- *ઇસ્લામના ધર્મ પ્રચારકોએ ઇસ્લામના ઉચ્ચ આદર્શોને અનુયાયીઓના પૂર્વજોના ધર્મ (એટલે હિંદુ ધર્મ)ની પરિભાષા અને સંસ્કૃતિમાં સમજાવ્યા.*
- હિંદુ ધર્મના પ્રચલિત અને સુંદર આદર્શો, સંસ્કારો, રીત રિવાજો, માન્યતાઓ, બંધનો વગેરેને ઇસ્લામી ગર્ભ/આત્મા/બીજની આસ પાસ જોડવામાં આવ્યા.
- ધર્મ પરિવર્તનનું કાર્ય આસાનીથી પૂરું થઈ શકે તે માટે કાળજીપૂર્વક અને સુનિયોજિત પ્રપંચ ગોઠવવામાં આવ્યા.

103

... સારાંશ –ચરણ ૧ ...

4) ઈમામ અને અખંડ જ્યોત:

- અલીને પહેલો ઈમામ અને વિષ્ણુનો દસમો અવતાર તરીકે મનાય છે અને તેમના અંદર નૂરનો (અખંડ જ્યોતનો) વાસ છે.
- આ નૂર (અખંડ જ્યોત) પેઢી દર પેઢી, પિતા ઈમામ દ્વારા ઈમામની ગાદીના ઉત્તરાધિકારી પુત્રમાં કુદરતી રીતે ઉતરતું આવે છે.

5) સૂફી વાદ:

- સતપંથ ધર્મના પ્રચારકોએ સૂફી વાદના સિદ્ધાંતોને અપનાવીને સંગીત દ્વારા અનુયાયીઓને આકર્ષ્યા.
- આવું તેમના સાથે કોઈ બીજા ન કરી જાય એટલે, કદાચ આજે પણ ઝનુની મુસલમાનો સંગીત, સિનેમા વગેરેના વિરોધી છે.
- તેમનો મુખ્ય ઉદ્દેશ હંમેશા લોકોનું ધર્મ પરિવર્તન કરાવવાનું જ હતું.

104

... સારાંશ –ચરણ ૧

6) ધર્મ સિદ્ધાંત:
- સતપંથ ધર્મ સિદ્ધાંત એમ કહે છે કે ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર એક અરબ દેશમાં થઈ ગયો છે અને ખરા સમય પર પ્રગટ થઈને કલિંગા નામના દૈત્યનો વધ કરશે અને કુંવારીકા ધરતી સાથે લગ્ન કરશે. ત્યાર બાદ દરેક મોમીન હજારો વર્ષો સુધી ધરતી ઉપર રાજ કરશે.

7) દસ અવતાર:
- હિંદુ દસ અવતારને ભ્રષ્ટ કરીને, તેમાં ઇસ્લામી તત્વો ઘુસાડવામાં આવ્યા અને હઝરત અલીને ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર તરીકે જાહેર કર્યો.

8) ગીનાન સાહિત્ય:
- ગીનાન દ્વારા એવું સુનિશ્ચિત કરવામાં આવ્યું કે અનુયાયીઓ કોઈ શંકા ન કરે અને સતપંથના પ્રચારકો પર અંધ-વિશ્વાસ રાખે.

9) દુઆ અને કલમા
- દુઆઓ અને કલમાઓ એવી રીતે રચવામાં આવ્યા છે કે હિંદુ તત્વોને વાપરીને તેના મૂળ ઇસ્લામી રાખવામાં આવ્યા છે, જેથી અનુયાયીઓ આખરે ઇસ્લામ ધર્મ પાળતા થઈ જાય અને ઇસ્લામનેજ સાચો ધર્મ સમજે.

105

<u>ખાસ નોંધ / અવલોકન / નિરીક્ષણ</u>

ગમે તેટલા હિંદુ તત્વો વાપર્યા હોય...
છેવટે સતપંથ પાળવાવાળાઓનો રસ્તો ઇસ્લામ તરફ જાય છે.

હિંદુઓની ધાર્મિક લાગણી દુભાવીને તેમનો ધર્મ ઊભો કર્યો છે.

106

ચરણ ૧ સમાપ્ત

હવે આગળ જોઈશું સરકારી દસ્તાવેજ અને સંશોધનકારોનો નિષ્કર્ષ....

107

2.1 સરકારી દસ્તાવેજ અને સંશોધનકારોનો નિષ્કર્ષ

સંશોધનકારો અને સરકારી દસ્તાવેજોનું શું કહેવું છે, તેની નોંધ લઇએ

108

આપણે અત્યાર સુધી જે સમજયા છીએ તેની નીચે જણાવેલ માહિતીના આધારે પુષ્ટિ કરીએ...

1) સંશોધનકારો અને વિદ્વાનોના નિષ્કર્ષ...

અને

2) સતપંથ વિષય પર સરકારી દસ્તાવેજો

109

વ્યાખ્યા ...

- સતપંથ, એટલે "સાચો પંથ" કે મોક્ષ માટેનો સાચો રસ્તો, એ ઇસ્લામના એક પંથનું નામ છે, જેમાં હિંદુ અને શિયા મુસલમાનોના ધાર્મિક સિદ્ધાંતો છે.

  -વાલ્દીમીર ઇવાનોવ, સુવિખ્યાત રૂસી વિદ્વાન

- ખોજા મુસલમાનોનો પંથ

  -"જોડણી કોશ", ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત

110

... વ્યાખ્યા ...

- સતપંથ એ ધર્મ છે ઈસ્માઈલી ખોજા, મતિયા પંથ, પીરાણા પંથ, ઈમામ શાહી પંથ, નિઝારી પંથનો
  - ભગવદ્-ગોમંડળ (Bhagwadgomandal), ગુજરાતી એનસાયક્લોપીડિયા (Encyclopedia)
- સતપંથ એ ખોજા મુસલમાનોનો પંથ છે.
  - ગુજરાતી લેક્ષિકોન -ગુજરાતી શબ્દ કોશ (Dictionary) www.gujaratilexicon.com

111

... વ્યાખ્યા ...

- મુમના / મોમના:

1. કણબી જ્ઞાતિનો એક ભાગ
2. હિંદુઓનો એક ભાગ જે પીરાણા પંથનો મુસલમાની ધર્મ પાળે છે.
3. એવા લોકોનો સમુદાય જેમણે પીરાણાના સૈય્યદ ઈમામ શાહે વટલાવીને શિયા મુસલમાન બનાવ્યા.
4. તેમના રીત રિવાજો, ક્રિયાઓ અને આચરણો અડધા હિંદુ જેવા છે અને અડધા મુસલમાન જેવા છે.
5. ... ... વગેરે

- ગુજરાતી લેક્ષિકોન, ગુજરાતી ભાષાનો એક મોટો અને વ્યાપક શબ્દકોશ.

112


... વ્યાખ્યા

- પીરાણા પંથ:

  કાકા પંથ, મતિયા પંથ, સતપંથ જેને ઈમામ શાહએ ૧૫મી સદીમાં સ્થાપ્યો... ...

  \- ગુજરાતી લેક્ષિકોન


113



ભારતની વસ્તી ગણતરી -1911 –ખંડ XVI –બરોડા –ભાગ 1 -1/3

અંગ્રેઝ સરકારે ભારતની વસ્તી ગણતરી કરી હતી. તેમાં પીરાણા પંથ ઉપર માહિતી આપેલ છે. અને પીર અને મુરીદ વચ્ચેના સંબંધોના બારામાં લખેલ છે.

114



98 CHAPTER IV—RELIGION.

the Sunnis. The Shiahs do not believe in saints, and follow the precepts of the twelve instead of the four Imams. They claim for their head doctors in Persia, the *Mujtahids* or religious superiors, the power of altering the spiritual and temporal law; the Sunnis say that the time for change ceased with four Imams—Shafai, Abu Hanifah, Malik and Hambal. In practice some sects of Shiahs differ from Sunnis, chiefly by counting the month from the fading of the old moon and not as the Sunnis do from the shining of the new moon. They pray thrice instead of five times a day, and in praying hold their hands open by their sides instead of folding them below the breast. Except these and a few other particulars, the beliefs and customs of the rival sects are the same.

Pirana Sect. 254. A peculiar sect called *Pirana* has its followers both among the Hindus and Musalmans. It has got its name from the village of Pirana, ten miles south-east of Ahmedabad. It is said that Imam Shah, a Shiah Ismalia Saiyad, converted many Hindus of the Kanbi caste early in the 16th century by showing them the miraculous powers of his faith. One story is to the effect that bringing rain after two seasons of scarcity, Imam Shah was able to convert a large body of Hindu cultivators. Another story is that a band of Hindu pilgrims, while passing by Pirana on their way to Benares, were told by Imam Shah that, if they would carefully listen to his doctrines, they would visit Benares without the trouble of going there. Some of the pilgrims paid no attention to what he said and went to Benares. Others, who trusted in Imam Shah, saw in a trice Benares, bathed in the Ganges and paid their vows. Astonished with this miracle, they adopted Imam Shah as their spiritual head. Those who were actually converted came to be known as *Momna* from *momin*, believers, while those not actually converted but following a half-Hindu and half-Musalman faith came to be known as *Matia* from *mat*, opinion. Another group of half-converted Hindus came to be known as *Shaikh* or *Shaikhda*. The Momnas, Matias and Shaikhs call themselves Pirana Panthis, *i. e.*, followers of the Pirana sect. They read Imam Shah's book of religious rules in which the Atharva Veda is also mentioned; and as a prayer repeat their saint's name. All bury their dead and the Momnas also perform circumcision. They keep Ramzan fast and observe as holidays the *uras* or saint's day. Besides Musalman holidays, they observe the Hindu holidays of Holi, Akhatrij, Divaso, Balev and Divali. During the last thirty or forty years, there has been a tendency among the Matias and Shaikhs to revert to Hinduism. In addition to the Musalman *nika* ceremony, they call a Brahman and go through the Hindu marriage ceremony. A Ramanandi Sadhu, named Nirmaldas, preached to the Matias in 1880 that they were originally Kanbis and should abandon their Musalman practices. Since then some calling themselves Vaishnav Matias, separated themselves from the rest who were known as Pirana Matias. In the Census of 1901, 137 Matias returned themselves as Hindus and 251 as Musalmans. In the present Census, all (401) the Matias have returned themselves as Hindus. No Hindu Shaikhs were returned in 1901. On the present occasion, 51 have returned themselves as Hindus. Shaikhs who have abandoned the Pirana sect make Hindu brow-marks and follow the Swaminarayan sect.

In addition to the Momnas, Shaikhs and Matias, many Rabaris, Sonis and Vanias, while worshipping their Hindu gods and continuing as Hindus, worship the Pirana saints, and call themselves Pirana Panthis. In 1901, they were not distinguished from the Musalmans and 3,655 persons in all were returned as Musalman followers of the Pirana sect. In the present Census, 3,630 Hindus and only 2,102 Musalmans have returned themselves as followers of this sect.

Priests. 255. In addition to the *Mujawar* (beadle) and the *Mutavalli* (mosque-guardian), *Mulla* (the priest), *Khatib* (preacher), *Molvi* (doctor of divinity) and *Kazi* (civil judge) are entrusted with religious duties. Of these the *Mulla* is the lowest. His duties are calling to prayers five times a day, acting as Imam or leader of the prayer, and where there is no Mujawar, keeping the mosque clean. Besides these duties, a Mulla acts as a schoolmaster and dealer in charms. He often does not understand the Koran, but he can read it and teach his pupils to spell through it. As a dealer in charms, he writes verses of the Koran to be bound


ભારતની વસ્તી ગણતરી -1911 –ખંડ XVI –બરોડા –ભાગ 1 -2/3

પાના નં ૯૮માં **પીરાણા પંથ** ઉપર માહિતી મળશે.

અમુક નોંધ લેવા જેવાં મુદ્દાઓ:

1) કણબી જ્ઞાતિના હિંદુઓને ઈમામ શાહે વટલાવ્યા
2) ઈમામશાહીઓનું ધાર્મિક પુસ્તક, અથર્વ વેદ, એ અલગ છે.
3) મુમનાઓ (અનુયાયીઓ) સુન્નત કરાવે છે.

115



he is a little more than a registrar of marriages and divorces.

Pir Muridi. 256. The profession called *pir muridi* is practised by Saiyads, and a few Shaikhs. They call their followers *murids*, and their followers call them *pirs* or *pirzadahs*. Each class, especially among the converts from Hinduism, has its *pir* or *murshid*. The necessity of having a *pir* is carried so far that *bepir* or *pir*-less is a term of scorn. Thus the Bukharis have the Memons and Chhipas as their *murids*; the Pirana Saiyads have the Momnas and Kakas, and some Saiyads claim Gandhraps or musicians as their *murids*. The *pir* first initiates his Murid by inculcating on him the tenets of the faith and by exhorting him to eschew the ways of evil. He sips a little *sherbat* out of a cup, and makes his disciple drink a little of it. This is said to be taking the *lab* or lip-saliva of the *pir*. The ceremony is performed either at the age of initiation, *i.e.*, four years, four months and four days (see para. 354) of life. The *pir* does not impose on his disciples a regular tax, but he is always paid either in cash or grain so as to maintain himself in decent comfort. He visits his congregation once in every four years, when his followers raise subscriptions to supply him with money. The *pir* is sometimes invited by one of his people to bless the dying, the bride and bridegroom or a new house. On these occasions also he is paid handsomely in cash or kind

Some *pirzadahs* have followers only in a few villages, some in all parts of Gujarat, and some not only in Gujarat, but in places far distant like Mauritius


ભારતની વસ્તી ગણતરી -1911 –ખંડ XVI –બરોડા –ભાગ 1 -3/3


પીરાણાના **પીર અને મુરીદ** વચ્ચેના સંબંધો પાના નં ૯૯ માં જોવા મળશે.

ખાસ મુદ્દાઓ:

1) "શરબત"ને પીર ઍઠું કરે અને તેના પછી તેના અનુયાયીઓ (મુરીદો) એને પીએ.
2) આ ક્રિયાને "લબ" કે "થુંક" લેવાની ક્રિયા કહેવાય.

116





www.realpatidar.com mail@realpatidar.com

RELIGIOUS SECTS OF GUJARAT
by
Dr. Navinchandra A. Acharya

: પ્રકાશક :
જે. બી. સેંડિલ
અધ્યક્ષ
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,
અમદાવાદ–૩૮૦ ૦૦૬

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩


નકલ : ૧૧૦૦

"Published by the University Book Production Board, Gujarat State, under the Centrally Sponsored Scheme of Production of Books and Literature in Regional Languages at the University level, of the Government of India in the Ministry of Education and Social Welfare (Department of Culture), New Delhi."

: મુદ્રક :
શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ
૮, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ–૩૮૦ ૦૦૪.

"ગુજરાતના ધર્મ સંપ્રદાય"; વર્ષ ૧૯૮૩માં, ગુજરાત યુનિવર્સિટી દ્વારા કેન્દ્રિય સરકારની એક યોજના હેઠળ છાપી છે.

117



realpatidar.com mail@realpatidar.com

૧૪૮ ગુજરાતના ધર્મ સંપ્રદાય

(૧) પીરાણા પંથ :

ઇમામશાહના નવા પંથને પીરાણા પંથ તરીકે ઓળખવામાં આવે છે. ઇમામશાહ ગુજરાતમાં આવીને અમદાવાદની ઉત્તરે આશરે નવ માઈલ ઉપર આવેલા ગીરમથા નામના ગામમાં સ્થાયી થયા હતા. આ ગામને આજે પીરાણા તરીકે ઓળખવામાં આવે છે.

પીરાણા ગામમાં પાંચ રોજા છે. ઈમામશાહનો, નુરશાહનો, સુરાભાઈનો, બાબા મુહમ્મદનો અને બાકર અલીનો. આ પાંચે રોજાના પીરને માનનારા જુદા જુદા લોકો છે. પણ એ બધાયે પીરાણાના મુખ્ય પીરને માન આપે છે. ઈમામશાહને માનનારાઓમાં મોટો વર્ગ હિંદુઓનો છે.

ઈમામશાહ ઈ. સ. ૧૪૯૯માં ઈરાનથી આવેલા અને ગીરમથા ગામ પાસેના મોટા ટેકરા ઉપર રહેતા હતા. એમણે ઘણા ચમત્કારો કર્યા હતા એમ કહેવાય છે. એમના ચમત્કારથી ઘણા હિંદુઓ ખાસ કરીને પાટીદારો એમના સેવક બન્યા. કહેવાય છે કે એક સંઘ કાશીએ જતો હતો. તે ગીરમથા ગામ આગળ આવતાં, ઈમામશાહે કપડું ઢાંકી ત્યાં જ દરેકને કાશીનાં દર્શન કરાવ્યાં. આ ચમત્કારથી આ બધા ઈમામશાહના સેવકો બન્યા. તેમણે ઉપદેશ અને ચમત્કારોથી ઘણા લેઉઆ અને કડવા પાટીદાર, કણબીઓને તથા શેખડાઓને આકર્ષ્યા હતા. ધર્માન્તર પછી તેઓ મોમના અને મતિયા કણબી તરીકે ઓળખાયા. સામાન્ય રીતે તેના અનુયાયીઓ હિંદુ રીતરિવાજ પાળે છે. દીપની પૂજા કરે છે. શબને હિંદુ રીત પ્રમાણે બાળે છે. પણ કેટલુંક બાળ્યા પછી થોડાંક હાડકાં દાટવા માટે રાખે છે.

તેઓ ગુજરાતમાં ઈસ્લામની મહાન સંસ્કૃતિના સંસ્કારોવાળા મુસલમાનો તરીકે ઓળખાવવાને બદલે ફક્ત પીરાણાવાળા તરીકે ઊતરતા દરજ્જાના હિંદુઓ અને ઊતરતી કક્ષાના મુસલમાનોની એક નજીવી કોમ તરીકે ઓળખાય છે. તેમના સંપ્રદાયના ક્રિયાકાંડ અને ઈમામો વિશેની માહિતી "સતધર્મની વેલ" નામના એક પુસ્તકમાંથી મળે છે.


ઈમામશાહીઓ અલ્લાહને એક સર્વોત્કૃષ્ટ કિરતાર તરીકે અને મોહમ્મદ મુસાને તેના રસુલ અને પયગંબર તરીકે સ્વીકારે છે. તેઓ નમાઝને ખાસ મહત્ત્વ આપતા નથી. તેઓ હિંદુઓના અવતારના સિદ્ધાંતમાં માને છે. આ સંપ્રદાયના અનુયાયીઓ જગતની ઉત્પત્તિ વિશેની માન્યતાઓ અને તેના સિદ્ધાંતોને સ્વીકારે

પાના નં ૧૪૮: પીરાણા પંથ

મુખ્ય મુદ્દાઓ:

1) પીરાણામાં ૫ (પાંચ) મુખ્ય કબરો છે; ઈમામ શાહ, નૂરશાહ, સુરાભાઈ, બાવા મોહમ્મદ અને બાકર અલીની.
2) ઈમામ શાહ ઈરાનથી આવેલા અને ઘણા પાટીદારોનું ધર્માન્તર કરાવ્યું હતું.
3) ધર્માન્તરણ પછી, તેઓ "મોમના" અને "મતિયા" કણબી તરીકે ઓળખાયા.
4) તેઓ ઉતરતા દરજ્જાના હિંદુઓ અને ઊતરતી કક્ષાના મુસલમાન તરીકે ઓળખાયા.
5) "અલ્લાહ"ને સર્વોત્કૃષ્ટ કિરતાર તરીકે માને છે.
6) મુહમ્મદ મુસાને અલ્લાહના પેગંબર તરીકે સ્વીકારે છે.

118




પાના નં ૧૪૯: પીરાણા પંથ

...મુખ્ય મુદ્દાઓ

7) મોહમ્મદ પેગંબરને ગુરુ માને છે
8) કુરાનને (જેને સતપંથી અથરવેદ પણ કહે છે) તેઓ દૈવી ગ્રંથ ગણે છે.

119





કાકાની નિમણુંક વખતે...
પીરાણાના સૈય્યદો અને કાકા રામજી લક્ષ્મણ વચ્ચે...
તા. 03-૧૨-૧૯૨૫નો કરાર

મુખ્ય મુદ્દાઓ:

1) આ કરારની શરૂઆતમાજ એવું લખ્યું છે કે “પીરાણા સતપંથ એ એક ધર્મ નથી પણ તે એક મુસ્લિમ ધર્મનો ફાંટો છે”.
2) કાકા, અનુયાયીઓ પાસેથી “દસોન્દ” ભેગી કરીને સૈય્યદોને આપશે.
3) એ બીજા પૈસા પણ ભેગા કરીને સૈય્યદોને આપશે.

120





ગુજરાત રાજ્યના શિક્ષણનિયામકશ્રીની કચેરીના પત્ર-ક્રમાંક
ઉમશ / 1195 / 201 - ગ - 1 તા. 4-3-'95-થી મંજૂર

ભારતીય સંસ્કૃતિ

ધોરણ 12

પ્રતિજ્ઞાપત્ર


ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત રૂ. 7.50

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
વિદ્યાયન, સેક્ટર 10 - એ, ગાંધીનગર - 380 010

"ભારતીય સંસ્કૃતિ" ધોરણ ૧૨નું પાઠ્ય પુસ્તક – ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૫માં બહાર પાડવામાં આવ્યું હતું.

121



નાખ્યો. ભારતમાં જે મુસ્લિમ સત્તા સ્થપાઈ તેના ઐતિહાસિક દૃષ્ટિએ બે ભાગ પડે છે : (1) સલ્તનતકાલ (2) મુઘલકાલ. સલ્તનતકાલ ઈ.સ. 1206થી ઈ.સ. 1526 સુધીનો મનાય છે. તેમાં જુદાજુદા રાજવંશોએ રાજ્ય કર્યું. તેમાં ગુલામવંશ, ખલજીવંશ, તુઘલખ વંશ, સૈયદ વંશ અને છેલ્લે લોદી વંશનો સમાવેશ થાય છે. મુઘલોનો રાજ્યકાલ ઈ.સ. 1526થી ઈ.સ. 1857 સુધીનો મનાય છે. આ મુઘલ રાજ્યકાલ દરમિયાન બાબર, હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ અને બાકીના મુઘલ બાદશાહોનો સમાવેશ થાય છે.

ઈસ્લામનાં પ્રસારનાં પરિબળો : ભારતમાં મુસ્લિમ રાજ્ય સાંપ્રદાયિક રાજ્ય હતું. દરેક સુલતાન કુરાને શરીફના આદેશોને માન આપી રાજ્ય ચલાવતો. તે પોતાને અલ્લાહનો પ્રતિનિધિ માનતો. તેથી, ઈસ્લામનો પ્રચાર એ તેનું અગત્યનું કાર્ય હતું. ભારતમાં ઈસ્લામનો જે પ્રચાર થયો તેમાં અનેક પરિબળોએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમાં મુખ્ય ચાર પરિબળો મહત્ત્વનાં છે :

(1) મુસ્લિમ સંતો દ્વારા શાંત પ્રચાર
(2) મુસ્લિમ રાજ્યો તરફથી અપાતાં પ્રલોભનો
(3) જજિયાવેરો અને જબરદસ્તી
(4) હિન્દુ સમાજમાં ઊંચ-નીચના ભેદભાવો

(1) ભારતના બધા ભાગોમાં ગયેલા મુસ્લિમ ઉલેમાઓ, ફકીરો અને સૂફી સંતોની સાદાઈ, તેમની પવિત્રતા તથા તેમના સાદા સરળ ઉપદેશથી હિન્દુઓ તેમના તરફ આકર્ષાવા લાગ્યા. મહમૂદ ગઝનવીનાં આક્રમણો પછી અનેક સૂફી સંતો અને મુસ્લિમ વિદ્વાનો ભારતમાં આવવા લાગ્યા. અજમેરના ખ્વાજા-મુઈનુદીન ચિશ્તીની પવિત્રતાથી અનેક હિન્દુ-મુસ્લિમ અનુયાયીઓ આકર્ષાયા હતા. આજે પણ તેમનો ઉરસ ઊજવાય છે. ત્યારે હજારો હિન્દુ-મુસ્લિમ લોકો એકત્ર થાય છે. 13મી સદીમાં મહાન સંત જમાલુદીન તરબરીઝીએ બંગાળમાં વસવાટ કર્યો. સૈયદ મુહમ્મદ ગેસુ દરાઝે દક્ષિણ ભારતમાં ઈસ્લામનો પ્રચાર કર્યો. ઈમામશાહ પીરાણાવાળાએ 15મી સદીમાં અમદાવાદ પાસે વસવાટ કર્યો અને હજારો અનુયાયીઓને આકર્ષ્યા. શિયા સંપ્રદાયના ઈમામ યમન દેશથી ગુજરાતમાં આવીને વસ્યા હતા. અને એમણે ગુજરાતના કણબી, ખારવા અને કોળી જાતિના અનેક લોકોને ઈસ્લામ તરફ આકર્ષ્યા હતા.

(2) ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં કેટલાક લોકોએ રાજ્યની નોકરી મેળવવાની લાલચે તો કેટલાક લોકોએ ધન-રાજ્યકૃપા મેળવવાની લાલચે સ્વીકાર કર્યો. કેટલાંક રાજ્યોમાં પ્રતિભાશાળી હિન્દુઓને રાજ્યમાં ઊંચા હોદ્દા આપવાની લાલચે ધર્મપરિવર્તન કરાવાયું. લડાયક અને બળવાન કોમના હિન્દુ સૈનિકોને ઈસ્લામ સ્વીકારવાની શરતે લશ્કરમાં ઉચ્ચ હોદ્દાઓ અપાયા. આમ, રાજ્ય તરફથી અપાતાં પ્રલોભનો પણ એક મહત્ત્વનું પરિબળ ગણી શકાય.


(3) મુસ્લિમ શાસકોએ ગેરમુસ્લિમ પ્રજા ઉપર એક ખાસ પ્રકારનો વેરો નાખ્યો હતો. જે 'જજિયાવેરો' તરીકે ઓળખાતો. જે હિન્દુઓને આર્થિક રીતે આ જજિયાવેરો

43

પાના નં ૪૩ - ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ

ઈમામ શાહ પીરાણાવાળાએ ૧૫મી સદીમાં અમદાવાદ પાસે વસવાટ કરીને, "કણબીઓ"ને શિયા મુસ્લિમ ધર્મ અપાવ્યો.

122



ગીનાનસ ટેક્સ્ટસ અને કોનટેક્સ્ટસ


(Ginans; Texts and Contexts)

- વિદ્વાનોના, ગીનાન ઉપર લેખોનો સુંદર સંગ્રહ આ પુસ્તકમાં છે.
- સતપંથીઓ દ્વારા ગવાતા ગીનાનો પર ઊંડી માહિતી આ પુસ્તકમાં મળશે.

123


લીવ્ડ ઇસ્લામ ઇન સાઉથ એશિયા

ભાગ IV, ચેપ્ટર 11



1) પાના નં 214: સતપંથ એ એક સુનિયોજિત ધર્માંતરણ કરાવવાની યોજના છે.
2) **પાના નં 220: વર્ષ ૧૯૭૬નાં એક કોર્ટ કેસમાં સતપંથીઓએ કોર્ટ સામે રજુ કર્યું હતું કે નિષ્કલંકી નારાયણ વિષ્ણુનો દસમો અવતાર છે. ઈમામ શાહના દીકરા મુહમ્મદ શાહને તેઓ આદિ વિષ્ણુ અને તેમની માતાને આદિ શક્તિ તરીકે માને છે.**
3) પાના નં 221: ઈમામને વિષ્ણુનો ૧૦મો અવતાર અને ફાતિમાને દેવી શક્તિ તરીકે માને છે.
4) પાના નં 225: ૧૯૯૮માં એક કોર્ટ કેસમાં જવાબ આપતા કરસન કાકાએ કોર્ટને કહ્યું કે પીરાણાની સંસ્થા “બોમ્બે પબ્લિક ટ્રસ્ટ ૧૯૫૦” હેઠળ “કેટેગરી E” માં નોંધાયેલ છે. કરસન કાકાએ કહ્યું કે એનો મતલબ એમ થાય કે એ ટ્રસ્ટ બિનધર્મી છે. (એક બિન હિંદુ અને બિન મુસલમાન ટ્રસ્ટ)
5) પાના નં 226: “... પીરાણામાં પૂજા માટે ત્રીઆયામી (3 dimensional) મૂર્તિ નથી બેસાડી. દીવાલ પર દોરેલાં ચિત્રો માત્ર શોભા વધારવા માટે છે.”
6) પાના નં 227: “... ઈસ્માઈલી સંબંધ જાળવીને ઈમામને હંમેશા વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે અને ખોજા તથા પીરાણા સતપંથના ગીનાન સાહિત્યોમાં તેને નારાયણ અને નિષ્કલંકી અવતાર તરીકે માનવામાં આવે છે.
7) પાના નં 227: “ૐ ચિન્હનો બેવડો મતલબ કાઢીને સતપંથી પુસ્તકોમાં એવી રીતે છાપવામાં આવ્યું કે હિંદુના ૐ ને જમણેથી ડાબી બાજુ વાંચે તો (ઉર્દૂમાં) “અલી” વંચાય”
8) પાના નં 230: પીરાણા સતપંથીઓને તેમનો ધર્મ પૂછીએ હિંદુ કે મુસલમાન?, તો જવાબ મળશે બન્ને. **ધર્મથી મુસલમાન અને રીત રિવાજથી હિંદુ**.

124


THE ISMAILI SOCIETY
Series A, No. 2

COLLECTANEA

Vol. I. 1948

CONTENTS :

Satpanth (Indian Ismailism), by W. Ivanow. — *Some Specimens of Satpanth Literature*, translated by V. N. Hooda. — *The Holy Shikshapatri*, by S. Noor Ali Shah. — *An Ali-Ilahi Fragment*, by W. Ivanow. — *Kitâbu'r-Rushd*, Arabic text, edited by Dr. M. Kamil Hussein.

Published for the *Ismaili Society* by
E. J. BRILL, Oude Rijn, 33a, Leiden, Holland.

કલેક્ટેનીઆ

લે. વાલ્દીમીર ઇવાનોવ

Collectanea by Wladimir Ivanow



જન્મથી રૂસી, વાલ્દીમીર ઇવાનોવ, સતપંથ વિષય પર સંશોધન કરવાવાળા પહેલાં આધુનિક જમાનાના લેખક છે.

આ પુસ્તકના મુખ્ય મુદ્દાઓ:

1) સતપંથને કલિયુગનો ધર્મ તરીકે રજુ કરવાનો પ્રયાસ છે.
2) પહેલો ઈમામ, અલી, ને ભગવાનનો ૧૦મો અવતાર તરીકે રજુ કર્યો.
3) કુરાનને છેલ્લો વેદ જાહેર કર્યો અને આગાઉના વેદો અને સાહિત્યોને રદ્દ જાહેર કર્યા.
4) પુસ્તકના મુખ્ય વિષયો છે;
    1) ઇતિહાસ
    2) પ્રોપગંડા
    3) ધર્મ સિદ્ધાંત
    4) સાહિત્ય
    5) ગરબી ગીનાન
    6) પીર શમસના ચમત્કારો

125



પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ


હિંદુ ધર્મને નામે ચાલતા, અર્ધદગ્ધ, કબ્રસ્તાની

પીરાણા-''સતપંથ'' ની પોલ;

અને


સત્યનો પ્રકાશ.

ભાગ ૧ લો.

લેખક અને પ્રકાશક:
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાક્ટર
ઠે. વીરાણી. તા. નખત્રાણા (કચ્છ)

1) નારાયણ રામજી લીંબાણી / કોન્ટ્રાકટર પહેલા વ્યક્તિ હતા, જેણે વર્ષ ૧૯૨૬માં પીરાણા સતપંથના છુપા ભેદો અને રહસ્યો બહારી દુનિયા સામે મુક્યા.
2) ખુબ ઊંડાણથી સંશોધન કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં, હિંદુઓને છેતરીને, તેમના ધર્મમાં પરોક્ષ રીતે ઇસ્લામી તત્વો ઘુસાડીને, તેમને મુસલમાન બનાવવાનો પ્રપંચ, દુનિયા સામે ખુલ્લો કરે છે.
3) સતપંથ હિંદુ ધર્મ ન હોવા છતાં, તેના અનુયાયીઓ માટે સતપંથ હિંદુ ધર્મ છે એવું ઠસાવવામા આવે છે.
4) ઘણા બધા ગીનાનોને આ પુસ્તકમાં છાપવામાં આવ્યા છે. સતપંથીઓ માટે ગીનાન જાણવાનું એક મોટું સાધન બની ગયું.
5) તેમની જ્ઞાતિને પાછા હિંદુ ધર્મમાં વાળવાની તેમની લડતના બારામાં જાણકારી આપી છે.
6) વાલ્દીમીર ઇવાનોવ સહીત ઘણા મહાન વિદ્વાનો, પોતાના કામમાં, આ પુસ્તકનો સંદર્ભ લેતા હોય છે.
7) સતપંથની સાચી જાણકારી મેળવવા માટે આ પુસ્તક વાંચવું અનિવાર્ય છે.

126



Vol. 12 1936

JOURNAL
OF THE
BOMBAY BRANCH
OF THE
ROYAL ASIATIC SOCIETY
(New Series)
EDITED BY
Dr. V. S. SUKTHANKAR, M.A., PH.D. (Berlin)
A. A. A. FYZEE, M.A. (Cantab.), Bar-at-Law
Prof. N. K. BHAGWAT, M.A.

CONTENTS.

P. V. Kane: Kalivarjya (actions forbidden in the Kali age) .. 1
W. Ivanow: The sect of Imam Shah in Gujarat 19
Rev. Fr. H. Heras: The Origin of the so-called Greco-Buddhist School of Sculpture 71
Short-Notes: Indian 'Eras' and their Significance (S. V. Vishwanath); The Word 'Śatraṁ' in the Gadhā (Jasdan) inscription of Mahākṣatrapa Rudrasena, year 126 or 127 (H. D. Sankalia); A note on the Kṣatrapa inscription from Andhau, Cutch (H. D. Sankalia); Additional notes for an Ismaili Bibliography (A. A. A. Fyzee) 98
Reviews of Books: *Catalogue of the Arabic Manuscripts in the Library of the India Office* (W.I.); *Tuhfa-i Sami of Sam Mirza Safawi* (W.I.); *Descriptive Catalogue of Arabic Persian and Urdu MSS. in the Library of the University of Bombay* (A. A. A. F.); *An Arab account of India in the 14th Century* (A. A. A. F.); *Three Treatises on Mysticism* (A. A. A. F.); *Araban ki Jahāz-rani* (A. A. A. F.); *Muslim University Journal* (A. A. A. F.); *Descriptive Catalogue of the Government collection of MSS. deposited at the Bhandarkar O. R. Institute* (H. D. V.); *Die Lehre Der Jainas nach Der alten Quellen Dargestellt* (H. D. V.); *Śrimukundamālā* (H. D. V.); *Journal of the Vedic Studies* (H. D. V.); *Rājadharmakaustubha of Anantadeva* (P. V. K.); *Bṛhati of Prabhakara Miśra* (P. V. K.); *Padyāvali of Rupagoswāmin* (P. V. K.); *Upaniṣads with the commentary of Sri Upanishad-Brahma-Yogin* (P. V. K.); *Oriental Studies in honour of C. E. Pavry; Medieval Indian Sculpture in the British Museum; Early Buddhist Scriptures* (N. K. B.); *Buddhist Bibliography* (N. K. B.); *Studies in the History of the third dynasty of Vijayanagar* (B. A. S.); *Ancient India and Indian Civilization* (B. G. M.) 110

Published by the Society
September 1936

London Agent:
ARTHUR PROBSTHAIN
41, Great Russell Street, London, W.C. 1.

THE TIMES OF INDIA PRESS, BOMBAY.

"ગુજરાતમાં ઈમામશાહનો પંથ"

JBBRAS - Vol 12 -1936

1) નારાયણ રામજી દ્વારા પીરાણા સતપંથની પોલ ચોપડી બહાર પાડવાના ૧૦ વરસ પછી, વાલ્દીમીર ઇવાનોવએ ઈમામશાહી પર આ સુંદર લેખ લખ્યો.
2) આ પુસ્તકમાં ઈમામશાહીઓનો, ઈમામશાહથી લઈને તેના છેલ્લા ઉત્તરાધિકારી સુધીનો, વંશ વેલાની નોંધ આપેલ છે.
3) ખોજાઓ અને ઈમામશાહીઓનો (સતપંથ) ધર્મ સિદ્ધાંત એક હોવા છતાં, ઈમામશાહીઓ કેવા સંજોગોમાં અને કયા કારણોસર મુખ્ય સતપંથ (ખોજાઓ) થી અલગ થયા.
4) અન્ય ઇતિહાસકારો દ્વારા, સતપંથના ઇતિહાસ બારામાં લેખોની નોંધ પણ મળશે.

127

મુંબઈ હાઈ કોર્ટનો વર્ષ ૧૮૬૬નો પ્રખ્યાત ખોજા કેસ

- વર્ષ ૧૮૬૬નો પ્રખ્યાત મુંબઈ હાઈ કોર્ટના ખોજા કેસમાં સતપંથ એક મુસલમાની પંથ છે, તેવું જાહેર થયું.
- એ કેસમાં બે મુદ્દા એવા હતા જેના ઉપર કેસનો નિર્ણય નિર્ધારિત હતો;
  1. સર્વસામાન્ય રીતે ધર્મ છુપાવવા માટે "તાકિયા" નું થતું પાલન.
  2. નવા અનુયાયીઓનું ધર્માન્તરણ કરવવાની રીત. ધીરેથી તેમના હાલના ધર્મ માટે શંકાઓ ઉભી કરાવવી અને પછી તેના ઉપાયમાં સતપંથ રજુ કરવો.
- છેલ્લે, "દસ અવતાર ગીનાન"ના આધારે કોર્ટે નિર્ણય લીધો કે ખોજાઓ શિયા મુસલમાન છે.

128

સરકારી ગેઝેટીઅર

- ભારતીય ગેઝેટીઅર (ભાગ ૧, ૧૯૭૩)
- ભારતીય ગેઝેટીઅર, કચ્છ ૧૯૮૦ – સતપંથી મુમના
- મુંબઈ પ્રેસીડેનસી ગેઝેટીઅર (ખંડ ૪, પાના નં ૩૭-૪૧)
- મુંબઈ પ્રેસીડેનસી ગેઝેટીઅર (ખંડ ૯, ભાગ ૨, પાના નં ૩૭-૪૧)
- અમદાવાદ જિલ્લો ગેઝેટીઅર, ભારત સરકાર, પાના નં ૨૧૦-૧૧, ૧૮૮-૮૯, ૯૨૦-૨૧
- અમદાવાદ જિલ્લો ગેઝેટીઅર, ભારત સરકાર, પાના નં ૮, ૬૧, ૬૬

129

અન્ય સંદર્ભ સામગ્રી

1. કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ
2. પંચમ વેદ (ભાગ ૧ થી ૭)
3. ખોજા વૃતાંત (1892)
4. ખોજા કોમનો ઇતિહાસ (1908)
5. મોમીન કોમનો ઇતિહાસ (1936)
6. તવારીખી પીર - I (1914) & II (1935)
7. દસ અવતાર – સૈય્યદ અહમદ અલી ખાકી
8. ઈસ્માઈલી વિરલા (1932)
9. ધી ઈસ્માઈલીસ: દેઅર હિસ્ટરી એન્ડ ડોકટરીન (1990)
10. ગુપ્ત પંથ કા સોજરા
11. ઈસ્માઈલીસમનો સ્થાપક
12. હરિવંશ – આઠિયા સતપંથીઓ
13. દુઆ જ્ઞાન - આઠિયા સતપંથીઓ

130

2.2 ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ

કચ્છ કડવા પાટીદાર (ક.ક.પા.) જ્ઞાતિ...
સતપંથ ધર્મ પાળવાવાળા લોકોનો સહુથી મોટા સમુદાયનું...
તે ધર્મના વિષય ઉપર શું કહેવું છે?
આવો જોઈએ

131

ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ ...

સતપંથ ધર્મના, ૮૫% થી પણ વધારે અનુયાયીઓની જ્ઞાતિનો, તેમના ધર્મ વિષય શું કહેવું છે અને તેમના દસ્તાવેજોમાં કેવી હકીકત દબાયેલી છે, તે જોઈએ.

- ઈમામ શાહે ઘણા હિંદુઓનું ધર્માન્તરણ કરાવ્યું હતું. તેમાં મુખ્ય કચ્છના કડવા પાટીદારો હતા.
- પીરાણા સતપંથના બધાજ અનુયાયીઓની તુલના કરીએ તો એક વખતે ૮૫% થી વધારે અનુયાયીઓ આ જ્ઞાતિના હતા.
- બીજી કોઈ જ્ઞાતિએ પીરાણા સતપંથનો, આવી મોટી સંખ્યામાં, અંગીકાર કર્યો નહોતો.

132

... ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ ...

- આજે પણ પીરાણા સતપંથને માનનારાઓમાં બહુ મોટી સંખ્યા ક.ક.પા. જ્ઞાતિની જ છે.
- પીરાણાની દરગાહની દેખ રેખ માટે જે ટ્રસ્ટ બનાવામાં આવ્યું છે, એ ટ્રસ્ટમાં આ જ્ઞાતિના ટ્રસ્ટીઓ મુખ્ય છે.
- એ ટ્રસ્ટમાં ૧ ચેરમેન અને ૧૦ ટ્રસ્ટી છે. જેના ૭ ટ્રસ્ટી ક.ક.પા. જ્ઞાતિના છે અને ૩ સૈય્યદો છે. ગાદીપતિ “કાકા” હોદ્દાની રૂએ ચેરમેન હોય છે. કાકા પણ ક.ક.પા. જ્ઞાતિના હોય છે. આવી રીતે ક.ક.પા જ્ઞાતિ ૮:૩ ની બહુમતી ભોગવે છે.
- ટ્રસ્ટ બોર્ડ છોડીને, લગભગ બીજા બધા સંચાલકો પણ ક.ક.પા. જ્ઞાતિના જ છે.

133

... ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ ...

- ક.ક.પા. જ્ઞાતિની મુખ્ય અને શક્તિ શાળી કેન્દ્ર સંસ્થા, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, (અ.ભા.ક.ક.પા.) (www.abkkpsamaj.org) ના દસ્તાવેજોનો અધ્યયન કર્યા વગર સતપંથ વિષય પર કરેલો કોઈ પણ અભ્યાસ અધુરો છે.
- સતપંથ અને પીરાણામાં થતી ગતિવિધિઓની અંદરની છુપી અને સાચી માહિતી મેળવવા માટે, અ.ભા.ક.ક.પા. સમાજ અને તેના લોકો, સહુંથી મોટો શ્રોત છે.
- જો કોઈને સતપંથ / પીરાણા ધર્મ પ્રચાર અને પાલનની રીત જાણવી હોય, તેમજ તેનો સાચો મર્મ સમજવો હોય, તો અ.ભા.ક.ક.પા. સમાજના લોકો અને તેમના દસ્તાવેજોનું અધ્યયન કરવું અનિવાર્ય છે.

134

... ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ ...

- જ્ઞાતિ અધિવેશનો, સભાઓ, જનરલ સભાઓ, મિટિંગ, સમિતિની બેઠકો, સમાજના નેતાઓના ભાષાનો, સમાચારો, માસિક પત્રિકાઓ અને તેના જેવાં અસંખ્ય દસ્તાવેજોમાં પીરાણા સતપંથ ઉપર સાચી માહિતી મળશે.
- સમાજના નેતાઓની અને સમાજના લોકોની લાગણીઓ પરથી પણ ઘણી માહિત મળે તેમ છે.
- તે દસ્તાવેજોથી મળેલી માહિતીની પુષ્ટિ સમાજના વરિષ્ઠ લોકોને મળીને કરીએ તો એક વાત સાફ સમજાઈ આવે છે કે, લોકોને, પીરાણા સતપંથ ધર્મ, હિંદુ ધર્મ છે એમ કહીને, તેમને તે ધર્મ પાળતા કરી દઈને, છેતરવામાં આવ્યા હતા.
- જ્યારે લોકોને હકીકતની જાણ થઇ કે જે ધર્મ તેઓ પાળે છે, તે કંઈ હિંદુ ધર્મ નથી, ત્યારે તેઓ પીરાણા સતપંથ થી વિમુખ થવા લાગ્યા અને પાછા સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કરવા લાગ્યા.

135

... ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ ...

- સતપંથ વિષય પર માહિતીઓ, લોકોની લાગણીઓ, તેમના અનુભવો, તેમની સાથે થયેલ બનાવો અને તેમજ અન્ય સચ્ચાઈઓ જાણવા માટે નીચે જણાવેલ શ્રોત મુખ્ય છે;

નં.	તારીખ	વિગત
1	01-Aug-1918	ક.ક.પા. જ્ઞાતિ જાહેર સભા, દાણા બંદર, મુંબઈ
2	28-Mar-1920	ક.ક.પા. જ્ઞાતિ જાહેર સભા, વિરાણી મોટી, કચ્છ
3	08-Aug-1920	૧લું. ક.ક.પા. જ્ઞાતિ અધિવેશન, કરાચી
4	07-Oct-1922	૨જું. ક.ક.પા. જ્ઞાતિ અધિવેશન, કરાચી
5	18-Apr-1924	૩જું. ક.ક.પા. જ્ઞાતિ અધિવેશન, ઘાટકોપર, મુંબઈ
6	1924	એક પ્રાસ્તાવિક નિબંધ સતપંથ વિષય પર થેયલ અમુક કોર્ટ કેસોનું એક સંસ્કરણ

Contd...

136

... ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ ...

નં.	તારીખ	વિગત
7	1924 & 1925	પાટીદાર ઉદય –માસિક સમાચાર પત્રિકા
8	1925 ની આસપાસ	ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ
9	1925 ની આસપાસ	સતપંથી સવીચારોનો સપાટો
10	14-Mar-1926	ક.ક.પા. જ્ઞાતિ સુધારક યુવક મંડળ રિપોર્ટ
11	1926	કડવા પાટીદાર પરિષદ -૧૧મો મહોત્સવ
12	14-May-1932	ક.ક.પા. જ્ઞાતિ સુધારક યુવક મંડળ રિપોર્ટ
13	1944-45	ક.ક.પા. સનાતન સમાજ – વાર્ષિક અહેવાલ
14	02-Apr-1944	ઉમિયા માતાજી મંદિર, વાંઢાય –પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો રિપોર્ટ

Contd…

137

... ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ

નં.	તારીખ	વિગત
15	10-May-1960	૧લું – અ.ભા.ક.ક.પા. સમાજ અધિવેશન, નખત્રાણા, કચ્છ નખત્રાણા સ્થિત, અ.ભા.ક.ક.પા. સમાજની રચના અને વિદ્યાર્થીઓ માટે બૉર્ડિંગના ઉદ્ઘાટનનો રિપોર્ટ
16	23-May-1977	૨જું -અ.ભા.ક.ક.પા. સમાજ અધિવેશન, નખત્રાણા, કચ્છ
17	1983	કેશરા પરમેશ્વરા (મુખી) સાંખલાનું સંક્ષિપ્ત જીવન અને કાર્ય
18	19-May-1985	૩જું - અ.ભા.ક.ક.પા. સમાજ અધિવેશન, નખત્રાણા, કચ્છ
19	30-Apr-1993	૪થું - અ.ભા.ક.ક.પા. સમાજ અધિવેશન, નખત્રાણા, કચ્છ
20	12-May-2010	૫મું - અ.ભા.ક.ક.પા. સમાજ અધિવેશન, નખત્રાણા, કચ્છ
21	વિવિધ વર્ષો	કચ્છ તેમજ કચ્છ બહારના કડવા પાટીદાર સમાજોમાં સમય સમય પર પ્રકાશિત થતા સભાના અહેવાલો, છાપાં, મેગેઝીન વગેરે

138

3.1 તાકિયા

ઇસ્લામનું એક ખતરનાક અને છુપું, અસરકારક હથિયાર

139

મહત્વના પ્રશ્નો

આ ઘડીએ સ્વાભાવિક છે કે બધાના મનમાં અમુક સવાલો ઊભા થતા હશે જેવા કે;

1) હિંદુઓની લાગણી દુભાવીને, તેમની ધાર્મિક આસ્થાનો દૂરુપયોગ, શા માટે સતપંથના ફેલાવા માટે કર્યો?

2) એવું કયું કારણ છે કે ફક્ત હિંદુજ સતપંથના અનુયાયીઓ છે, કોઈ મુસલમાન નથી? (મુસલમાન ઈમામ શાહ ને માને છે, પણ સતપંથ ધર્મ નથી પાળતા)

3) સતપંથના ધર્મ પ્રચારકો કેવી રીતે મોટી સંખ્યામાં હિંદુઓને આકર્ષીને તેમનું ધર્મ પરિવર્તન કરાવી શક્યા?

જવાબ છે: **તાકિયા**

140

તાકિયા એટલે શું?...


- તાકિયા એટલે ઇસ્લામના હિત માટે સામેવાળાઓને ગમે તેમ કરીને "છેતરવા".
- તાકિયાનો મતલબ - લોકોને **"છેતરીને"** ઇસ્લામના શરણમાં લઈ આવવું. તે માટે કોઈ પણ રીત અપનાવી શકાય, જેમ કે;
  - જુઠ્ઠું બોલવું
  - તોડી મરોડીને વિકૃત નિવેદનો કરવા
  - સત્ય અને એવીજ હકીકતો છુપાવવી
  - દગા ફટકા કરવા, વિશ્વાસ ઘાત કરવો
  - વિષયને બીજા રસ્તે લઇ જવો
  - નકલી દોસ્તીના દાવાઓ કરવા, વગેરે વગેરે
- ૭ મી સદીથી મુસલમાનો તાકિયા વાપરીને પોતાના "દુશ્મનો"ને ગૂંચવણમાં મુકવા, મૂંઝવણમાં મુકવા અને તેઓમાં ભાગલા પાડી, તેમના ઉપર જીત હાંસલ કરીને ઇસ્લામના શરણમાં લઈ આવવા માટે વાપરે છે.
- **નૈતિકતા અને મૂલ્યો સાથે, જુઠ્ઠાણા અપનાવવાનો કોઈ સંબંધ નથી. એ ફક્ત ઇસ્લામને વધારવા માટે અને તેમ કરતી વખતે સ્વ-બચાવવા માટે છે.** 141

... તાકિયા એટલે શું?

- કુરાન તાકિયાની મંજૂરી આપે છે. એક મુસલમાનને બીજા કાફર (ગેર-મુસલમાન) સામે તાકિયા વાપરવાની કુરાન છૂટ આપે છે.
- એક કાફરને છેતરવાની છૂટ, મુખ્ય રૂપે, કુરાનની આયાત ૩:૨૮ આપે છે.

  "કોઈ મુસલમાને, બીજા મુસલમાનને છોડીને કાફર (ગેર-મુસલમાન) સાથે દોસ્તી અને સહયોગ ન કરવાં. જો કરશે તો તેનો અલ્લાહ સાથે સંબંધ નહિ રહે – ફક્ત કાફરથી બચવા માટે તેની દોસ્તી રાખવાની છૂટ છે."
- મહમ્મદ બીન જરીર અત-ટાબરી (d. 923) એ, કુરાન માટે "અધિકારત્વ અને સન્માન" ધરાવતી ટિપ્પણી કરતાં, આયાત ૩:૨૮ને નીચે પ્રમાણે, સમજાવી છે;

  "જો તમે (મુસલમાન) કોઈ ગેર-મુસલમાનના અધિકાર ક્ષેત્રની નીચે હો, અને પોતાનું હિત સાચવવું કઠીન પડે, કારણકે કોઈકનો ડર હોય, ત્યારે તમે તમારી જબાનથી તેમની સાથે વફાદાર રહેજો, પણ પોતાના દિલમાં તેમની માટે વેર રાખજો... ધ્યાન રાખજો, અલ્લાહએ મુસલમાનોને ગેર-મુસલમાનો સાથે દોસ્તીનો કે નજીકનો સંબંધ રાખવાની મનાઈ કરી છે. ફક્ત જ્યારે ગેર-મુસલમાન વધારે શક્તિશાળી હોય, તોજ તેવાં સંજોગોમાં તમને છૂટ આપવામાં આવી છે. જો એવી પરિસ્થિતિ હોય તો પોતાનો ધર્મ બચાવીને ભલે તેમની સાથે દોસ્તાના સંબંધ રાખો"
- તાકિયા ફક્ત સ્વ-બચાવ માટે નહિ પણ તેની સાથે "સક્રિય છેતરપીંડી" માટે વપરાય છે. 142



આગામી સ્લાઈડમાં હવે આપણે જોઈશું,
તાકિયા સમજાવતો વિડિઓ
વિડિઓ નં. ૧
ઈન્ટરનેટ પર સંપૂર્ણ વિડિઓ અહીં જોઈ શકશો:
English Only : http://www.youtube.com/watch?v=KEC11YJ2oCk
Gujarati Subtitles: http://www.youtube.com/watch?v=IUd_Y71Cvqs
143




વિડિઓ નં.: ૧

તાકિયા

ઇસ્લામના ફેલાવા માટે જુઠ્ઠું બોલવું




1. જે મને માનશે તેને વારસામાં બધુંજ મળશે; હું તેનો ભગવાન હોઈશ અને એ મારું સંતાન




2. પણ ડરપોક, કાફર, ગંદા, ખુની, રંડીબાજ, જાદુગર, મૂર્તિ પૂજક અને બધા જુઠ્ઠા બોલાને આગના તળાવમાં જગ્યા મળશે - જે તેનું બીજુ મરણ હશે.
કુરાને શરીફ આયાત ૨૧:૮




3. તાકિયા




4. જેહાદ (ધાર્મિક લડાઈ) લડવા માટે ઇસ્લામનું સશક્ત અને મુખ્ય હથિયાર.




5. તાકિયા શબ્દનો અર્થ છુપાવવું, અગમ ચેતી, સુરક્ષા.




6. મુસ્લિમ ધર્મીઓ તાકિયાનો ઉપયોગ ૭મી સદીથી દુશ્મનને ગુંચવણમા મુકવા, મુજાવી નાખવા અને તેઓમાં ભંગાણ પડાવવા અને દુશ્મનોને ઇસ્લામના શરણમાં લઇ આવવા માટે કરી રહ્યા છે.




7. આ યુક્તિ કામ કરી જાય છે, કારણ કે ભગવાન અસત્ય આચરવાનું અને છેતરવાનું કહે, એ લોકોની કલ્પના બહાર છે.




8. કારણકે ગમે તેમ તોય માણસના વચનની કીમત હોય છે.




9. સહુંથી મોટું જુઠ્ઠાણું એ છે કે "ઇસ્લામ" એટલે "શાંતિ". ઇસ્લામનો અર્થ એટલે "સમર્પણ".




10. અલ્લાહ એ શાંતિનો દેવ નથી, પણ લડાઈ અને ગુલામીનો દેવ છે.




11. ઇસ્લામમાં જુઠ્ઠાણાના ઉપયોગને "નૈતિકતા અને માનવી મૂલ્યોના જતન" સાથે કોઈ સંબંધ નથી. જુઠ્ઠાણા ઇસ્લામના પ્રચાર, પ્રસાર માટે અને તેમ કરતી વ્યક્તિના સ્વ-બચાવ માટે છે. બસ એટલુંજ છે.




12. તાકિયામાં સોગંદ પર જુઠ્ઠું બોલવું, ડુક્કરનું માંસ ખાવું, શરાબનું સેવન કરવું અને લોભામણી અને ગમે તેવી વાતો કરી, છેતર પીંડી કરવી આ બધું શામેલ છે.



13. એક મુસ્લિમને, ઇસ્લામની રક્ષા કાજે, પોતે ઇસ્લામને ધિક્કારે છે અને તેમાં તદ્દન વિશ્વાસ નથી એવું જાહેર કરવાની પરવાનગી છે. પરંતુ જો, તે હૃદયથી ઇસ્લામને વફાદાર હોય, તોજ.




14.




